सत्यमेव जयते

મે.૨૮માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એચ.ડી.પટેલ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ.

ફોજદારી કેસ નં.૫૮૬૪૬/૨૦૧૮.
આંક–૨૫.

FORM-A

અમદાવાદના મે.૨૮માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એચ.ડી.પટેલ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ.	
જજમેન્ટ તારીખ	૩૦/૦૪/૨૦૨૫.
ફોજદારી કેસ નં.	૫૮૬૪૬/૨૦૧૮.
ગુનાની કલમ	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮
ફરિયાદી	પ્રવિણભાઈ પાનાભાઈ પરમાર, ઉ.વ. ૪૦, ધંધોઃ– નોકરી, રહેઃ– ૭૮, પુરાણી હાઉસીગ સોસાયટી, ગીતામંદિર રોડ, અમદાવાદ.
ફરિયાદપક્ષે	વિધ્વાન વકીલશ્રી એ.એચ.બલવાલા
આરોપી	ભરતભાઈ શિવલાલ બોરાણા, ઉ.વ. પુખ્ત, ધંધોઃ– નોકરી, રહેઃ– ૨૯, યોગેશ્વરનગર વિભાગ–૧, સરખેજ રોડ, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭
બચાવપક્ષે	વિધ્વાન વકીલશ્રી કે.જી.મેવાડા.

FORM-B

– :: આરોપીની વિગત ::–

અનુ નં	આરોપીનુ નામ	ધરપકડ તારીખ	જામીન તારીખ	અધિનીયમ અને કલમ	શુ નિર્દોષ છોડયા સજા કરી	કરવામાં આવેલ સજા	સી.આર.પી.સી.કલમ–૪૨૮ન હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો

૧	ભરતભાઈ શિવલાલ બોરાણા	–	–	એન.આઈ. એકટ–૧૩૮	આરોપીનેત કસીરવાન ઠરાવવામાં આવેલ છે.	આરોપીને ક્રિમીનલ પોસીજર ોડની કલમ – ૨૫૫ (૨) અન્વયે બે વર્ષની સાદી કેદ ની સજા તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૩૫૭ મુજબ ચેકની રકમ વળતર પેટેચુકાદાની તારીખથીદિન–૩૦માં ચુકવી આપવા હુકમ કરેલ છે અને જો ચેકની રકમ ચુકવવામાં આરોપી નિષ્ફળ જાય તો વધુ ૬ માસની સાદી કેદ ભોગવવાની હુકમ કરેલ છે.	

FORM-C

– ફરિયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–

અનુ નં.	નામ	પુરાવાનો પ્રકાર
૧	ફરિયાદી પ્રવિણભાઈ પાનાભાઈ પરમારનાઓની સરતપાસ સ્વરૂપની એફીડેવીટ.	ફરિયાદી

આંકની સુચી

(એ)ફરિયાદપક્ષ

અનુ નં.	આંક નંબર	વિગત
૧.	૧૪	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૧
૨.	૧૫	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૧નો ચેક રીર્ટન મેમો
૩.	૧૬	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૨
૪.	૧૭	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૨નો ચેક રીર્ટન મેમો
૫.	૧૮	તકરારી અસલ ચેક નં. ૮૫૫૭૨૮
૬.	૧૯	તકરારી અસલ ચેક નં. ૮૫૫૭૨૮નો ચેક રીર્ટન મેમો
૭.	૨૦	તહોમતદારને આપેલ નોટીસની ઓફીસ કોપી
૮.	૨૧	નોટીસ રજી.એ.ડી. કર્યાની સફેદ પાવતી
૯.	૨૨	પોસ્ટ ખાતાનુ અસલ કવર
૧૦.	૨૩	ફરિયાદીના ઓળખપત્રની ઝેરોક્ષ નકલ

//– ચુકાદો –//

(૧) ફરિયાદપક્ષે ફરિયાદીએ તેમની ફરિયાદમાં એવી હકીકત જણાવેલ છે કે," અમો ફરિયાદી હાલમાં ઉપરોક્ત જણાવેલ સરનામે અમારા કુટુંબ–પરીવાર સાથે રહીએ છીએ. આ કામના તહોમતદાર અમો ફરિયાદીના મિત્ર હોવાથી અમો ફરિયાદી આ કામના તહોમતદારનાઓને ખુબજ સારી રીતે ઓળખીએ છીએ. અમો ફરિયાદી તથા આ કામના તહોમતદારનાઓ વચ્ચે ગાઢ મિત્રતા હોવાથી અમો એકબીજાના સારા–નરસા પ્રસંગે એકબીજા

ને સાથ સહકાર આપતા હતા અને આ કામના તહોમતદારને આર્થિક રીતે પણ મદદ કરતા રહેતા હતા. આ કામના તહોમતદારનાઓએ અમો ફરિયાદી પાસેથી આર્થિક જરૂરીયાત પુરી કરવા નાણાની માંગણી કરતા અમો ફરિયાદીએ આ કામના તહોમતદારનાઓને તેમની જરૂરીયાત મુજબ રૂા. ૨,૧૫,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પંદર હજાર પુરા હાથઉછીના રોકડા આપેલ અને સદરહુ રકમ સ્વીકારતી વખતે આ કામના તહોમતદારનાઓએ અમો ફરિયાદીને એવુ જણાવેલ કે, સદરહુ રકમ હું તમોને બે થી ત્રણ માસ સુધીમાં પરત કરી દઈશ તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ ત્યારબાદ અમો ફરિયાદીને આ કામના તહોમતદારે આપેલ વિશ્વાસ અને વાયદા મુજબ અમો ફરિયાદીએ અમારી કાયદેસરની લેણી નિકળતી રકમની માંગણી કરતા અમો ફરિયાદીને આ કામના તહોમતદારે ત્રણ ચેકો આપેલ જે ચેક દેના બેંક વાસણા શાખાના ચેક નં.૧)૦૯૦૪૫૧,તા.૦૩/૦૪/૨૦૧૮,૩૦,૦૦૦/–ચેક નં.૨)૦૯૦૪૫૨,તા.૧૭/૦૪/૧૮ રૂા. ૫૦,૦૦૦/– તથા ચેક નં. ૩) ૮૫૫૭૨૮, તા.૧૭/૦૪/૨૦૧૮, રૂા. ૧,૩૫,૦૦૦/– એ રીતે ઉપરોકત મુજબના ચેકો આ કામના તહોમતદારે તેમના હસ્તાક્ષરમાં અને તેમની સહી કરીને આપેલ. તે અમો ફરિયાદીએ સ્વીકારેલ અને અને આ કામના તહોમતદારે વધુમાં જણાવેલ કે, તમો ચેકો બેંકમાં ભરશો તો તમોને તમારા રૂપિયા મળી જશે. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો અમો ફરિયાદીને આપેલ ત્યારબાદ અમો ફરિયાદીએ સદરહુ ત્રણેય ચેક નિયત તારીખે અમારી યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રાયપુર દરવાજા શાખામાં ભરતા સદરહુ ત્રણેય ચેક " ફંડ ઈન્સફીશ્યન્ટ"ના શેરા સાથે પરત આવેલ જેથી ફરિયાદીને આઘાત લાગેલ અને ફરિયાદીએ સદરહુ ચેક રીર્ટન થયા અંગે આ કામના તહોમતદારને જાણ કરતા આ કામના તહોમતદારે અમો ફરિયાદી સાથે ઉધ્ધતાઈ પૂર્વકનો વ્યવહાર કરેલ અને જણાવેલ કે, મારી પાસે કોઈ રકમની વ્યવસ્થા નથી અને તમને કોઈ રૂપિયા મળવાના નથી. જેથી તમારાથી થાય તે કરી લેજો. તેવી ધમકી આપતા અમો ફરિયાદી ડઘાઈ ગયેલ અને અમો ફરિયાદી સાથે ભયંકર વિશ્વાસઘાત અને છેતરપીડી થયેલાનુ અમોને અહેસાસ થયેલ. જેથી ઉપરોકત ચેકો રીર્ટન થતા અમો ફરિયાદીએ અમારે કાયદેસરની લેણી નિકળતી ચેકની રકમ પરત મેળવવા આ કામના તહોમતદારને ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ના પ્રોવીઝન મુજબની નોટીસ

તા.૦૨/૦૫/૧૮ના રોજ આર.પી.એડી. થી સમય મર્યાદામાં મોકલી આપેલ હતી જે નોટીસ આ કામના તહોમતદારને તા.૦૪/૦૫/૨૦૧૮ના રોજ પોસ્ટ ખાતાના કર્મચારી સાથે સાઠગાંઠ કરીને અયોગ્ય લાગવગ ચલાવીને નોટીસ બજવા દિધેલ નથી અને નોટીસનુ શીલ બંધ કવર પરત મોકલી આપેલ છે.આમ કરી આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ(કે જેને સરળતા ખાતર હવે પછીથી આ ઠરાવમાં "એકટ" તરીકે સંબોધન કરવામાં આવેલ છે)ની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે તેથી આ ફરીયાદ ઉદ્‌ભવેલ છે.

(૨) ફરિયાદીએ તેમની ફરિયાદમાં દાદ માંગેલ છે કે,આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય આરોપી વિરૂધ્ધ કેસ ચલાવી કેસ સાબિત થયેથી સખતમાં સખત કેદની સજા તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ મુજબ ચેકો રકમ અમોને વળતર તરીકે અપાવવા યોગ્ય હુકમ કરશોજી.

આરોપીની પ્લી:–

(૩) સદર ફરિયાદ રજુ કરતા મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ–૨૦૦ અન્વયે ફરિયાદીનુ વેરીફીકેશન સોગંદ પર નોંધવામા આવેલ હતુ ત્યારબાદ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજી પરત ફરેલ અને આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેને ફરિયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો પુરી પાડયા બાદ સદર કેસમાં તેઓ બચાવ કરવા માંગે છે તેમ જણાવતા આરોપીનો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબનો જવાબ અદાલત ધ્વારા નોં ધવામાં આવતા તેમાં આરોપીએ આંક–૭ થી ગુનાનો ઈન્કાર કરેલ અને આ કામે અત્રેની અદાલત ધ્વારા સદર કેસ સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવવામાં આવેલ.

(૪)ફરિયાદપક્ષ તરફથી આ કામે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

:: મૌખિક પુરાવો ::

ક્રમ	સાહેદનુ નામ.	આંક
૧.	ફરિયાદી પ્રવિણભાઈ પાનાભાઈ પરમારનાઓની સરતપાસ સ્વરૂપ ની એફીડેવીટ.	૪.

:: દસ્તાવેજી પુરાવો ::

ક્રમ.	દસ્તાવેજી પુરાવાની વિગત.	આંક.
૧.	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૧	૧૪
૨.	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૧નો ચેક રીર્ટન મેમો	૧૫
૩.	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૨	૧૬
૪.	તકરારી અસલ ચેક નં. ૦૯૦૪૫૨નો ચેક રીર્ટન મેમો	૧૭
૫.	તકરારી અસલ ચેક નં. ૮૫૫૭૨૮	૧૮
૬.	તકરારી અસલ ચેક નં. ૮૫૫૭૨૮નો ચેક રીર્ટન મેમો	૧૯
૭.	તહોમતદારને આપેલ નોટીસની ઓફીસ કોપી	૨૦
૮.	નોટીસ રજી.એ.ડી. કર્યાની સફેદ પાવતી	૨૧
૯.	પોસ્ટ ખાતાનુ અસલ કવર	૨૨
૧૦.	ફરિયાદીના ઓળખપત્રની ઝેરોક્ષ નકલ	૨૩

(૫) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદ સાથે આંક–૦૪થી તેઓનુ સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને આ કામે તહોમતદારપક્ષે તેમના વિ.વ.શ્રી ધ્વારા સદર ફરિયાદીના લેખિત સરતપાસ સ્વરૂપના સોગંદનામા લગત તેઓને પુરતી તક આપવા છતાં ઉલટતપાસ કરેલ નથી જેથી આ કામે આંક–૧૨ થી ફરિયાદપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો તહોમતદારનો હક બંધ કરવા અરજી રજુ કરતા તે લગત અત્રેની અદાલત ધ્વારા તહોમતદારનો ઉલટતપાસ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે તે બાદ આ કામે ફરિયાદપક્ષે આંક–૨૪ થી વધુ પુરાવા રજુ કરવા ન હોવાનુ જાહેર કરતી પુરાવા બંધ કરવાની પુરસીસ રજુ કરેલ છે.

(૬)<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ લેવામાં આવેલ વિશેષ નિવેદનઃ–</u>

ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ " સંહિતા"ની કલમ–૩૧૩ અન્વયે તહોમતદારનુ વિશેષ નિવેદન નોંધવા માટે કેસ રાખવામાં આવેલ. આ કામે રેકર્ડ વંચાણે લેતા આરોપીનુ એફ.એસ.

કેસમાં પ્રિન્ટ રેડી હોવા છતા આરોપીએ મુદતે હાજર રહી તેમનુ એફ.એસ. નોંધાવેલ નથી.

(૭) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રી ધ્વારા અત્રેની અદાલત સમક્ષ મૌખિક દલીલો કરતા તેઓની દલીલો સાંભળવામાં આવેલ છે જયારે તહોમતદાર તર્ફે તેઓ જાતે અથવા વિ.વ.શ્રી મારફતે હાજર ન હોય તેમની દલીલોનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) સદરહુ કામમાં રેકર્ડ પર રજુ થયેલ પુરાવા તથા બંન્ને પક્ષોની દલીલ તેમજ કેસના સંજોગો ધ્યાને લેતા મારી સમક્ષના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તહોમતદાર અને ફરિયાદી એકબીજાના સારા મિત્ર હોવાથી ફરિયાદી પાસેથી આર્થિક જરૂરીયાત પુરી કરવા નાણાની માંગણી કરતા ફરિયાદીએ તેમની જરૂરીયાત મુજબ રૂા. ૨,૧૫,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પંદર હજાર પુરા હાથઉછીના રોકડા આપેલ તે બાદ ફરિયાદીએ તેઓની કાયદેસરની લેણી નિકળતી રકમની માંગણી કરતા આ કામના તહોમતદારે ત્રણ ચેકો આપેલ જે ચેક દેના બેંક વાસણા શાખાના ચેક નં.૧)૦૯૦૪૫૧,તા.૦૩/૦૪/૨૦૧૮,૩૦,૦૦૦/– ચેક નં.૨)૦૯૦૪૫૨, તા.૧૭/૦૪/૧૮, રૂા.૫૦,૦૦૦/– તથા ચેક નં. ૩)૮૫૫૭૨૮, તા.૧૭/૦૪/૨૦૧૮, રૂા. ૧,૩૫,૦૦૦/– પાસ થઈ જવાના ભરોસા સાથે આપતા ફરિયાદીએ સદરહુ ત્રણેય તેમની બેંક યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રાયપુર દરવાજા શાખામાં ભરતા " ફંડ ઈન્સફીશ્યન્ટ" ના શેરા સાથે પરત ફરતા ફરીયાદી એ તા.૦૨/૦૫/૨૦૧૮ના રોજ વકીલશ્રી મારફતે રજી.પોસ્ટ એ.ડી. થી નોટીસ આપેલ જે તા.૦૪/૦૫/૧૮ના રોજ નોટીસનુ કવર પરત આવેલ આમ તહોમતદારે નોટીસ મુજબનુ વર્તન કરેલ નથી કે રીર્ટન આવેલ ચેકના કાયદેસરના નાણા ફરિયાદીને ચુકવી આપેલ નથી.જેથી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮

મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨ શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

<u>//–:: કારણો ::// </u>

<u>મુદ્દા નં. ૧ તથા ૨ની ચર્ચાઃ</u>

(૧૦)<u>સદર કામે મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે. :</u>

હાલના કામે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક યાને વટાવ ખત અધિનીયમની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં. ૧ અને ૨ ના તારણ સુધી પહોંચતા પહેલા ફરિયાદીએ દાખલ કરેલ ફરિયાદ જોતા એવી હકીકત જણાવેલ છે કે, ''અમો ફરિયાદી હાલમાં ઉપરોક્ત જણાવેલ સરનામે અમારા કુટુંબ–પરીવાર સાથે રહીએ છીએ. આ કામના તહોમતદાર અમો ફરિયાદીના મિત્ર હોવાથી અમો ફરિયાદી આ કામના તહોમતદારનાઓને ખુબજ સારી રીતે ઓળખીએ છીએ. અમો ફરિયાદી તથા આ કામના તહોમતદારનાઓ વચ્ચે ગાઢ મિત્રતા હોવાથી અમો એકબીજાના સારા–નરસા પ્રસંગે એકબીજાને સાથ સહકાર આપતા હતા અને આ કામના તહોમતદારને આર્થિક રીતે પણ મદદ કરતા રહેતા હતા. આ કામના તહોમતદારનાઓએ અમો ફરિયાદી પાસેથી આર્થિક જરૂરીયાત પુરી કરવા નાણાની માંગણી કરતા અમો ફરિયાદીએ આ કામના તહોમતદાર નાઓને તેમની જરૂરીયાત મુજબ રૂા. ૨,૧૫,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પંદર હજાર પુરા હાથઉછીના રોકડા આપેલ અને સદરહુ રકમ સ્વીકારતી વખતે આ કામના તહોમતદારનાઓએ અમો ફરિયાદીને એવુ જણાવેલ કે, સદરહુ રકમ હું તમોને બે થી ત્રણ માસ સુધીમાં પરત કરી દઈશ તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ ત્યારબાદ અમો

ફરિયાદીને આ કામના તહોમતદારે આપેલ વિશ્વાસ અને વાયદા મુજબ અમો ફરિયાદીએ અમારી કાયદેસરની લેણી નિકળતી રકમની માંગણી કરતા અમો ફરિયાદીને આ કામના તહોમતદારે ત્રણ ચેકો આપેલ જે ચેક દેના બેંક વાસણા શાખાના ચેક નં. ૧) ૦૯૦૪૫૧, તા.૦૩/૦૪/૨૦૧૮,૩૦,૦૦૦ ચેક નં. ૨) ૦૯૦૪૫૨, તા.૧૭/૦૪/૨૦૧૮, રૂા. ૫૦,૦૦૦/– તથા ચેક નં. ૩) ૮૫૫૭૨૮, તા.૧૭/૦૪/૨૦૧૮, રૂા. ૧,૩૫,૦૦૦/– એ રીતે ઉપરોકત મુજબના ચેકો આ કામના તહોમતદારે તેમના હસ્તાક્ષરમાં અને તેમની સહી કરીને આપેલ. તે અમો ફરિયાદીએ સ્વીકારેલ અને અને આ કામના તહોમતદારે વધુમાં જણાવેલ કે, તમો ચેકો બેંકમાં ભરશો તો તમોને તમારા રૂપિયા મળી જશે. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો અમો ફરિયાદીને આપેલ ત્યારબાદ અમો ફરિયાદીએ સદરહુ ત્રણેય ચેક નિયત તારીખે અમારી યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, રાયપુર દરવાજા શાખામાં ભરતા સદરહુ ત્રણેય ચેક " ફંડ ઈન્સફીશ્યન્ટ"ના શેરા સાથે પરત આવેલ જેથી ફરિયાદીને આઘાત લાગેલ અને ફરિયાદીએ સદરહુ ચેક રીર્ટન થયા અંગે આ કામના તહોમતદારને જાણ કરતા આ કામના તહોમતદારે અમો ફરિયાદી સાથે ઉધ્ધતાઈ પૂર્વકનો વ્યવહાર કરેલ અને જણાવેલ કે, મારી પાસે કોઈ રકમની વ્યવસ્થા નથી અને તમને કોઈ રૂપિયા મળવાના નથી. જેથી તમારાથી થાય તે કરી લેજો. તેવી ધમકી આપતા અમો ફરિયાદી ડધાઈ ગયેલ અને અમો ફરિયાદી સાથે ભયંકર વિશ્વાસઘાત અને છેતરપીડી થયેલાનુ અમોને અહેસાસ થયેલ. જેથી ઉપરોકત ચેકો રીર્ટન થતા અમો ફરિયાદીએ અમારે કાયદેસરની લેણી નિકળતી ચેકની રકમ પરત મેળવવા આ કામના તહોમતદારને ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના પ્રોવીઝન મુજબની નોટીસ તા.૦૨/૦૫/૧૮ના રોજ આર.પી.એડી. થી સમય મર્યાદામાં મોકલી આપેલ હતી જે નોટીસ આ કામના તહોમતદારને તા.૦૪/૦૫/૨૦૧૮ના રોજ પોસ્ટ ખાતાના કર્મચારી સાથે સાઠગાંઠ કરીને અયોગ્ય લાગવગ ચલાવીને નોટીસ બજવા દિધેલ નથી અને નોટીસનુ શીલ બંધ કવર પરત મોકલી આપેલ છે. આમ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈને આધિન હાલની ફરિયાદ પ્રથમ દર્શનીય રીતે સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે.

એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે,ચેક એ વિનિમયપત્ર છે અને વિનિમયપત્ર અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૮૮ મુજબ જો વિરૂધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓનો ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતા તેમાં પણ " જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ રીતે મુકત થવા માટે મેળવ્યો હતો." આમ, કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનિમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિત ને એવી સત્તા હસ્તાંતર કરે છે કે,તેમાની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી વિનિમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરિયાદી વિનિમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છુ કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનુ કાનુની મુલ્ય રહેતુ નથી. આમ, વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮માં દર્શાવ્યા મુજબ તેના દેવા દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલ ચેક હાલનું કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો

બોજો યાને કે પરત આવેલ વણચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ, કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયા સુધી વિરૂઘ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી. આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત ઘ્વારા એ સિઘ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી એટલે કે, અનુમાનનુ ખંડન આરોપી ફરિયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તેના ઘ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ઘ્વારા માત્ર શંકા ઉપ્તન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે. અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયેની દંડનાત્મક જોગવાઈ દેશમાં બેંક ઘ્વારા થતા નાણાકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલ સામાન્ય રીતે મજકુર અધિનિયમ હેઠળ ઉપરોકત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. સદરહુ કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જયા સુધી વિરૂઘ્ધની હકીકત સાબિત ન કરવામાં આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને એવો ચેક કોઈ દેવુ અથવા અન્ય જવાબદારી અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અનુમાન કરવાનુ ઠરાવેલ છે. આ સંજોગોમાં અદાલતે તકરારી ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ છે તેવુ કાનુની અનુમાન કરવાનુ રહે છે. અલબત, આથી વિરૂઘ્ધનો ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર રજુ કરી શકાય છે. આવો પુરાવો અધિનિયમની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાન ને વ્યાજબી અને પ્રતિજન્ય રીતે ખંડીત કરી શકેલ કે નહી તેવી બાબત પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો પર અવલંબે છે. જો કલમ–૧૩૯ હેઠળનુ કાયદાકીય અનુમાન અંગે પ્રતિપક્ષ ઘ્વારા સંતોષકારક રીતે ખંડનાત્મક પુરવો રજુ કરી પુરવાર કરવામાં ન આવે તો તેવુ અનુમાન ફરિયાદપક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે તેવુ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો કે જે :

<u>Girishbhai Natvarbhai Patel Versus State of Gujarat and Anr.,</u>

<u>2006 (1) G.L.H. 530</u> માં ઠરાવેલ છે કે,

20. The appellant's submission that the cheques were not drawn for the 'discharge in whole or in part of any debt or other liability' is answered by the third presumption available to the Banks under Section 139 of the Negotiable Instruments Act. This section provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the appellant of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability.

21. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheque for the amounts for which the cheque are drawn, as noted in State of Madras v. A. Vaidyanatha Iyer, AIR 1958 SC 61, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. "It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" (ibid). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court

"may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.

29. The adequacy of evidence and its efficacy in respect of mandatory presumption under Section 139 has now been well settled. It is a duty cast upon the accused to lead cogent and plausible evidence demolishing the presumption that the cheques were issued against some existing liability or debt.

સદર ચુકાદામાં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૯ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો ચેકના ધારકે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે સ્વીકારેલ છે તેવુ અનુમાન કરવાનુ છે. ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ નથી તે હકીકત પુરવાર કરવાની કલમ–૧૪૬ મુજબ બેંક સ્લીપ અને રીર્ટન મેમા અં ગે પણ કાયદાકીય અનુમાન કરવા જોગવાઈ કરેલ છે. જેથી સદરહુ કાયદાકીય અનુમાનોને ખં ડીત કરતો પુરાવો બચાવપક્ષે કરવો જરૂરી છે. જે મુજબની કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લઈ હાલના કેસમાં પુરાવાની ચર્ચા કરવી જરૂર છે.

સદર કામમાં ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ સાબિત કરવા માટે અત્રેની અદાલત સમક્ષ

જે લેખિત તેમજ મૌખિક પુરાવો રજુ કરેલ છે તે પુરાવાનો સારાંશ જોઈએ તો નીચે પ્રમાણેનો પુરાવો રજુ કરવામાં આવે છે.

:: **<u>ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો</u>** ::

આ કામે ફરિયાદીનુ આંક–૪ થી લેખિત સરતપાસનુ સ્વરૂપનુ સોગંદનામુ રજુ છે જેમાં તેઓની ફરિયાદ મુજબની હકીકત જણાવેલ છે. આરોપીએ નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ગંભીર ગુનો કરેલ હોઈ તેઓને યોગ્ય નશીયત કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે. આ કામે ફરિયાદીની આંક–૪ થી લેખિત સરતપાસ સ્વરૂપનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ જે લગત તહોમતદાર તથા તેમના વિ.વ.શ્રી ધ્વારા મુદતે હાજર રહી ફરિયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ નથી તે હકીકત છે. જેથી આ કામે ફરિયાદી ધ્વારા આંક–૧૪ થી આંક–૨૩ સુધી ના તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આંક–૧૪, આંક–૧૬ તથા આંક–૧૮ વાળા તકરારી અસલ ચેક કે જે આ કામના તહોમતદારે ફરિયાદીને કાયદેસરની ચુકવણી પેટે આપેલ હોવાના સદર કાયદાની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ તહોમતદારપક્ષે ખંડન કરવામાં સંદતર નિષ્ફળ નિવડેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

આ કામે ફરિયાદીએ તેમના ફરિયાદ તેમજ તેમના લેખિત સરતપાસ સ્વરૂપના સોગંદનામાના સમર્થનમાં આંક–૧૪ થી આંક– ૨૩ સુધીના દસ્તાવેજ રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવા અત્રેની અદાલત ધ્વારા વંચાણે લેવામાં આવેલ છે.

<u>–: ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અંગેની કાયદાકીય જોગવાઈઓ :–</u>

(૧૧) સદર કેસ આરોપી સામે એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપ અંગેનો છે. તહોમતદાર વિરૂધ્ધ જે ગુનાનો આક્ષેપ છે તે ધ્યાને લેતા સદર એકટના ઘણી જ ફરજીયાત અને અગત્યની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી આ કામે અત્રેની અદાલતને સદર એકટ અંગેની મહત્વની જોગવાઈઓની ચર્ચા કરવી જરૂરી જણાતી હોવાથી તે નીચે મુજબ છે.

118 Presumptions as to negotiable instruments. - Until the contrary is proved, the following presumptions shall be made: (a) of consideration: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument when it has been accepted, endorsed,negotiated or transferred, was accepted,endorsed, negotiated or transferred for consideration; ...

138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.-**Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b)the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation. - For the purposes of this section, 'debt or other liability' means a legally enforceable debt or other liability.

(૧૨)સદર એકટની કલમ–૧૩૮ મુજબ મુખ્યત્વે નીચે મુજબના તત્વોનો સમાવેશ થવો જરૂરી છે.

(1) that there is a legally enforceable debt,

(2) that the cheque was drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt, and,

(3) that the cheque so issued had been returned due to insufficiency of funds.

સદર એકટની કલમ–૧૩૯ મુજબ મુખ્યત્વે નીચે મુજબનુ અનુમાન ઉપસ્થિત થાય છે.

" The presumption referred to in Section 139 of the N.I. Act is a mandatory presumption and not a general presum ption, but the accused is entitled to rebut the said presum ption. What is required to be established by the accused in order to rebut the presumption is different from each case under given circumstances. But the fact remains that a mere plausible explanation is not expected from the accused and it must be more than a plausible explanation by way of rebuttal evidence. In other words, the defence raised by way of rebuttal evidence must be probable and capable of being accepted by the Court."

" In view of Section 139, it has to be presumed that a cheque is issued in discharge of any debt or other liability. The presumption can be rebutted by adducing evidence and the burden of proof is on the person who wants to rebut the presumption. This presumption coupled with the object of Chapter XVII of the Act leads to the conclusion that by countermanding payment of a post-dated cheque, a party should not be allowed to get away from the penal provision

of Section 138."

<u>139. Presumption in favour of holder.-</u> It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt, or other liability.

(૧૩) આ કામે ઉપરોકત જોગવાઈ નજર સમક્ષ રાખી અત્રે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેવા જરૂરી થઈ પડે છે.

નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે **<u>KUMAR EXPORTS VERSUS SHARMA CARPETS, AIR(SC) 2009 - 1518</u>** માં એ પ્રસ્થાપિત કરેલ છે કે,

10. Section 118 of the Act inter alia directs that it shall be presumed, until the contrary is proved, that every negotiable instrument was made or drawn for consideration. **<u>Section 139 of the Act stipulates that unless the contrary is proved, it shall be presumed, that the holder of the cheque received the cheque, for the discharge of, whole or part of any debt or liability. Applying the definition of the word 'proved' in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is</u>**

either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. **The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability.** A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists.

11. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that

under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist.** Apart from adducing direct evidence to prove that the

note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non- existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે **RANGAPPA VERSUS MOHAN, AIR(SC) 2010 - 1898** માં એ પ્રસ્થાપિત કરેલ છે કે,

7. The High Court in its order noted that in the course of the trial

proceedings, the accused had admitted that the signature on the impugned cheque (No. 886322, dated 8- 2-2001) was indeed his own. Once this fact has been acknowledged, Section 139 of the Act mandates a presumption that the cheque pertained to a legally enforceable debt or liability. This presumption is of a rebuttal nature and the onus is then on the accused to raise a probable defence. With regard to the present facts, the High Court found that the defence raised by the accused was not probable.

14. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable resumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in

furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private transactions. In parties such a involved scenario, in commercial the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable

that in some cases the accused may not need to adduce evidence of his/her own.

નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે **ROHITBHAI JIVANLAL PATEL, AIR(SC) 2019 - 1876** માં એ પ્રસ્થાપિત કરેલ છે કે,

14. So far the question of existence of basic ingredients for drawing of presumption under Sections 118 and 139 the NI Act is concerned, apparent it is that the accused- appellant could not deny his signature on the cheques in question that had been drawn in favour of the complainant on a bank account maintained by the accused for a sum of Rs. 3 lakhs each. The said cheques were presented to the Bank concerned within the period of their validity and were returned unpaid for the reason of either the balance being insufficient or the account being closed. All the basic ingredients of Section 138 as also of Sections 118 and 139 are apparent on the face of the record. The Trial Court had also consciously taken note of these facts and had drawn the requisite presumption. Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the complainant received the same in discharge of an existing debt. The onus, therefore, shifts on the accused- appellant to establish a probable defence so as to rebut such a presumption.

16.On the aspects relating to preponderance of probabilities, **the accused has to bring on record such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfil the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act.**

(૧૪) આ કામે ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના હાથ પરના કેસમાં રજુ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા એ હકીકત છે કે,આરોપી ધ્વારા સદર ચેકમાં તેમની સહી ન હોવા બાબતે કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી સદર " એકટ" ની કલમ–૧૩૮ અને ૧૪૨માં ઠરાવેલ જોગવાઈઓનુ ફરિયાદપક્ષ ચુસ્તપણે પાલન કરી શકયા છે તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષની તરફેણમાં એકટની કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે. તે રીતે ફરિયાદીનુ આરોપી તરફે કાયદેસરનુ લેણુ છે તેવુ માનવાને કારણ રહે છે. ફરિયાદીની તરફેણમાં ઉપર મુજબનુ અનુમાન ઉપસ્થિત થતુ હોય તેવા સંજોગોમાં બચાવપક્ષ તરફે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે. તે રીતે હવે એ ચકાસવુ જરૂરી થઈ પડે છે કે શુ બચાવપક્ષે ફરિયાદપક્ષની તરફેણમાં ઉપસ્થિત થયેલ અનુમાન અન્વયે ખંડનાત્મક પુરાવો રજુ કરેલ છે ?

<u>–: ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન :–</u>

સદર કામે ફરિયાદ તરફે રજુ થયેલા પુરાવા જોતા ફરિયાદી ફરિયાદમાં જણાવેલ હકીકતને સંપૂર્ણ સમર્થન કરતો પુરાવો આપેલ છે.નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૩ અન્વયે ફરિયાદીએ લેખિત સોગંદનામા પર જુબાની આપેલ છે અને તેમાં તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજ અસલ સ્વરૂપે હોય ફરિયાદી ધ્વારા રીફર કરેલ હોય આમ, પુરાવા અધિનિયમતી જોગવાઈના હાર્દને ધ્યાને લેતા પક્ષકારે પોતાની પાસેના પ્રાથમીક પુરાવાથી હકીકત પુરવાર કરવી જોઈએ તે મુજબ ફરિયાદીએ પોતાના કબજામાંથી જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તે તમામને આંક આપવામાં આવેલ છે.

(૧) આ કામે અત્રેની અદાલત ધ્વારા ફરિયાદીએ તેમની ફરિયાદ તથા તેમના આંક–૪ થી રજુ લેખિત સરતપાસ સ્વરૂપના સોગંદનામામા કરેલ કથનો પુરાવાર કરવા માટે આંક–૧૪, આંક–૧૬ તથા આંક–૧૮ થી તકરારી ચેક રજુ કરેલ છે જેમાં આ કામના તહોમતદાર તર્ફે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોવાથી સદર તકરારી ચેકોમાં તહોમતદારે સહી કરેલ હોવાનુ સદર કાયદાની કલમ–૧૩૯ મુજબ તહોમતદારે સદર ચેક ફરિયાદીને કાયદેસરની ચુકવણી પેટે આપેલ હોવાનુ તેમજ સદર ત્રણેય તકરારી ચેક " ફંડ ઈન્સફીશ્યન્ટ ' ના શેરા સાથે પરત ફરેલ હોવાનુ આંક–૧૫, આંક–૧૭ તથા આંક–૧૯ થી ચેક રીર્ટન મેમાથી અસલ રજુ કરેલ છે તેમજ આંક–૨૦ થી ફરિયાદીએ તહોમતદારને તેમના રહેણાંકના સરનામે તા.૦૨/૦૫/૨૦૨૮નારોજ આપેલ નોટીસની ઓફીસ કોપી તેમજ આંક–૨૧ થી સદર નોટીસ આર. પી. એ. ડી. કર્યાની સફેદ પાવતી તેમજ સદર નોટીસ રીફયુઝના શેરા સાથે પરત આવેલ હોવા બાબતે નોટીસનુ કવર આંક–૨૨ થી રજુ થયેલ હોવાનુ સાબિત થતુ હોય આ કામે આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીના રોકડા રૂા.૨,૧૫,૦૦૦/– લીધેલ જેની કાયદેસરની ચુકવણી પેટે ત્રણેય તકરારી ચેક આપેલ હોવાનુ સાબિત થયેલ

હોવાનુ અત્રેની અદાલત માને છે અને તેની કાયદેસરની ચુકવણી પેટે તહોમતદારે ત્રણેય તકરારી ચેક ફરિયાદીની તરફેણમાં ઈસ્યુ કરેલ હોવાનુ સાબિત થતુ હોય તેવા સંજોગોમાં તહોમતદારપક્ષ તર્ફે ફરિયાદીની તરફેણ માં સદર કાયદાની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરવામાં સંદતર નિષ્ફળ નિવડેલ હોવાનુ અત્રેની અદાલત માનતી હોવાથી ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો સાથે સહંમત થાય છે.

(૨) વધુમાં આ કામે અત્રેની અદાલત ધ્વારા ઉપરોકત સબ પેરા નં. ૧માં લેવામાં આવેલ તારણ તેમજ આ કામે તહોમતદાર ધ્વારા આંક–૧૧ થી પુરસીસ આપવમાં આવેલ છે જેમાં તહોમતદારપક્ષ ધ્વારા જાહેર કરવામાં આવેલ છે કે ***"મજકુર કામમાં આજરોજ ફરિયાદીને સમાધાન પેટે રૂા. ૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરા ફરિયાદીને ચુકવેલ છે જે આજરોજ નામદાર કોર્ટમાં આ પુરસીસ થી જાહેર કરીએ છીએ."*** સદર પુરસીસ તહોમતદાર તર્ફે રજુ કરવામાં આવેલ છે. જે અત્રેની અદાલત ધ્વારા ધ્યાને લેવામાં આવેલ છે. સદર પુરસીસ ધ્યાને લેતા આ કામના તહોમતદારે ફરિયાદીની ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકતના અનુસંધાને કાયદેસરનુ લેણુ નિકળતુ હોવાનુ સદર પુરસીસ ધ્યાને લેતા સ્પષ્ટપણે પુરવાર થાય છે.તેવા સંજોગોમાં સદર ફરિયાદપક્ષે તેમની ફરિયાદ તેમજ તેમના લેખિત સરતપાસ સ્વરૂપના સોગંદનામામાં જણાવેલ હકીકતો પુરવાર થતી હોય અત્રેની અદાલત ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો સાથે સહમત થાય છે.

(૩) આ કામે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે **Uttam Ram Versus Devinder Singh Hudan, LAWS(SC) 2019 (10) 64** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ધારણ લીધેલ છે કે,

20. The Trial Court and the High Court proceeded as if, the appellant is to prove a debt before civil court wherein, the plaintiff is required to prove his claim on the basis of evidence to be laid in support of his claim for the recovery of the amount due. A dishonour of cheque carries a statutory presumption of consideration. The holder of cheque in due course is required to prove that the cheque was issued by the accused and that when the same presented, it was not honoured. Since there is a statutory presumption of consideration, the burden is on the accused to rebut the presumption that the cheque was issued not for any debt or other liability.

21. There is the mandate of presumption of consideration in terms of the provisions of the Act. The onus shifts to the accused on proof of issuance of cheque to rebut the presumption that the cheque was issued not for discharge of any debt or liability in terms of Section 138 of the Act"

નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે **Rasiya Versus Abdul**

<u>Nazer and Anr., LAWS(SC) 2022(8) - 129</u>ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ધારણ લીધેલ છે કે, ***However,the High Court has failed to note the presumption under Section 139 of the N.I. Act. As per Section 139 of the N.I. Act, it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for discharge, in whole or in part, of any debt or other liability. <u>Therefore, once the initial burden is discharged by the Complainant that the cheque was issued by the accused and the signature and the issuance of the cheque is not disputed by the accused, in that case, the onus will shift upon the accused to prove the contrary that the cheque was not for any debt or other liability.</u> The presumption under Section 139 of the N.I. Act is a statutory presumption and thereafter, once it is presumed that the cheque is issued in whole or in part of any debt or other liability which is in favour of the Complainant/ holder of the cheque, in that case, it is for the accused to prove the contrary.***

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટે બંન્ને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસની હકીકત ધ્યાને લેતા એ હકીકત છે કે,

ફરિયાદીની તરફેણમાં સદર એકટની કલમ–૧૩૯ મુજબ થયેલ અનુમાનનુ ખંડન કરવામાં આ કામના તહોમતદાર સદંતર નિષ્ફળ નિવેડેલ હોવાનું અત્રેની અદાલતનુ માનવુ હોવાથી અત્રેની અદાલત તહોમતદાર તરફે તેમના વિ.વ.શ્રીની દલીલો સાથે બિલકુલ સહંમત થતી નથી.

(૪) આ કામે **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો કે જે મનોજ વાસુદેવ સોમપુરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૪(૩) જી.એલ.આર. પાના નં. ૧૭૩૭</u>** ના ચુકાદામાં એ તારણ લીધેલ છે કે,

10. It is pertinent to note that the trial Court has recorded in the impugned judgment and order that the evidence of the complainant came to be closed vide closing purshis Exhibit-31. The Further Statement of the petitioner **u/s. 313** of Cr.P.C. was recorded but, it could not be exhibited on the particular date. On the next date, neither the petitioner nor his advocate had remained present and therefore, his Further Statement, which was recorded on the earlier date and was also available on record, could not be exhibited. There is nothing on record to suggest that the petitioner or his advocate had filed any application before the trial Court seeking exemption from the trial proceeding on the date when his Further Statement recorded **u/s. 313** of Cr.P.C. was to be

exhibited or seeking any modification in the Further Statement recorded on the earlier date before it is exhibited.

11. Before the trial Court, sufficient opportunities were granted to the petitioner to conduct the cross-examination of the complainant. However, it appears that the petitioner had not availed of any of the opportunities provided by the trial Court to conduct cross-examination of the complainant. The trial Court had even imposed costs upon the petitioner for getting his right to conduct cross-examination of the complainant re-opened but, even thereafter, the petitioner had not availed of the opportunity to cross-examine the complainant for reasons best known to him. Further, the petitioner had not produced any evidence in his defence nor had submitted any oral / written arguments or had examined any witness in his defence.

12. From the above set of facts, it appears that the decision to not remain present on the next date after getting his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date and to not conduct cross-examination

of the complainant in spite of being afforded with sufficient opportunities, was a deliberate or voluntary decision taken by the petitioner. In the interregnum, there is nothing to suggest that the petitioner or his advocate had filed any application requesting the trial Court to grant him an opportunity to record his Further Statement u/s. 313 of Cr.P.C. or to conduct cross-examination of the complainant. The petitioner went into oblivion after the date when his Further Statement u/s. 313 of Cr.P.C. came to be recorded but before it could be exhibited. Therefore, the trial Court was left with no other option but to conduct the trial in the absence of the petitioner, who had deliberately or voluntarily chosen to evade the trial proceedings. Under these circumstances, there was no reason for the trial Court to issue any warrant against the petitioner, as contended by learned advocate for the petitioner. Moreover, the petitioner had not produced any evidence in his defence or had made any submissions either oral or in writing.

14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was

completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

આમ નામદાર ગુજરાત હાઈકોર્ટના સદર ચુકાદામાં લીધેલ કારણ ધ્યાને લેતા આ કામે તહોતદાર તથા તેમના વિ.વ.શ્રીને ફરિયાદીની ઉલટતપાસ માટે હાજર રહેવા સંપૂર્ણ તક આપવામાં આવેલ છે તેમ છતાં તેઓ ફરિયાદીની ઉલટતપાસ કરવા મુદતે હાજર ન રહેતા ફરિયાદીની ઉલટતપાસ થયેલ નથી જેથી તે બીનતકરારી રહેવા પામેલ છે તેમજ આ કામે તેઓ ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ તેઓનુ વધારાનુ નિવેદન આપવા માટે તેઓ હાજર રહેલ ન હોવાથી તેઓએ તેમના બચાવ કરવા અંગેના તમામ હકો જતા કરેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ હોવાથી સદર ઉપરોત નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો હાલના કેસમાં પણ લાગુ પડતો હોવાનુ અત્રેની અદાલત માનતી હોવાથી

આ કામે અત્રેની અદાલત ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો સાથે સંપૂર્ણ રીતે સહમત થાય છે.

(૧૫) આમ, ઉપરોક્ત સબ પેરા ૧ થી ૪ માં અત્રેની અદાલત ધ્વારા લેવામાં આવેલ તારણ મુજબ તહોમતદાર અને ફરિયાદી એકબીજાના સારા મિત્ર હોવાથી ફરિયાદી પાસેથી આર્થિક જરૂરીયાત પુરી કરવા નાણાની માંગણી કરતા ફરિયાદીએ તેમની જરૂરીયાત મુજબ રૂા.૨,૧૫, ૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પંદર હજાર પુરા હાથઉછીના રોકડા આપેલ ત્યારબાદ ફરિયાદીને આ કામના તહોમતદારે આપેલ વિશ્વાસ અને વાયદા મુજબ ફરિયાદીએ તેઓની કાયદેસરની લેણી નિકળતી રકમની માંગણી કરતા આ કામના તહોમતદારે ત્રણ તકરારી ચેક કે જે આંક–૧૪, આંક–૧૬ તથા આંક–૧૮ થી તકરારી ચેક રજુ કરેલ છે જેમાં આ કામના તહોમતદાર તર્ફે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોવાથી સદર તકરારી ચેકોમાં તહોમતદારે સહી કરેલ હોવાનુ સદર કાયદાની કલમ–૧૩૯ મુજબ તહોમતદારે સદર ચેક ફરિયાદીને કાયદેસરની ચુકવણી પેટે આપેલ હોવાનુ તેમજ સદર ત્રણેય તકરારી ચેક " ફંડ ઈન્સફીશ્યન્ટ " ના શેરા સાથે પરત ફરેલ હોવાનુ આંક–૧૫, આંક–૧૭ તથા આંક–૧૯ થી ચેક રીર્ટન મેમાથી અસલ રજુ કરેલ છે તેમજ આંક–૨૦ થી ફરિયાદીએ તહોમતદારને તેમના રહેણાંકના સરનામે તા.૦૨/૦૫/૨૦૨૮નારોજ આપેલ નોટીસની ઓફીસ કોપી તેમજ આંક –૨૧ થી સદર નોટીસ આર. પી. એ. ડી. કર્યાની સફેદ પાવતી તેમજ સદર નોટીસ પરત આવેલ હોવા બાબતે નોટીસનુ કવર આંક–૨૨ થી રજુ થયેલ હોવાનુ સાબિત થતુ હોય આમ આ કામે તહોમતદારે ફરિયાદીને તેઓની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ ન હોય આ કામે ફરિયાદીની તરફેણમાં સદર કાયદાની કલમ–૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં થયેલ અનુમાનનુ ખંડન કરવામાં તહોમતદારપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાથી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે તેમ અત્રેની અદાલતનુ માનવુ હોવાથી ફરિયાદપક્ષે મુદ્દા નં ૧નો જવાબ આપી હકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: <u>આખરી હુકમ</u> ::

(૧) આ કામના આરોપીઃ ભરતભાઈ શિવલાલ બોરાણા, રહેઃ– ૨૯, યોગેશ્વરનગર વિભાગ–૧, સરખેજ રોડ, વાસણા, અમદાવાદ– ૩૮૦૦૦૭નાઓને ક્રિમીનલપ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમઃ૧૩૮ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ફરીયાદીને ક્રિમીનલ પ્રોસીજરકોડની કલમઃ ૩૫૭ (૩) મુજબ ત્રણેય તકરારી ચેકની રકમ વળતર પેટે સદર ચુકાદાની તારીખથી દિન–૩૦માં ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે તેમજ જો આરોપી ફરિયાદીને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આ કામે આરોપી મુદતે હાજર ન હોય તેઓ વિરૂધ્ધ હાલનો ચુકાદો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૩ (૬) મુજબ તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોવાથી આરોપીના સદર કેસમાં રજુ કરવામાં આવેલ જામીન રદ કરવાનો આથી હુકમ કરવામા આવે છે તેમજ તેઓ વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજરકોડની કલમ–૭૦ મુજબ બીનજામીન લાયક વોરંટ પણ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી આ ચુકાદાની એક નકલ આરોપીને ક્રિમીનલ પ્રોસીજરકોડની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

આ ચુકાદો આજરોજ તારીખ–૩૦મી, માહે–એપ્રિલ,સને– ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૩૦/૦૪/૨૦૨૫.

(હર્ષિત ડાહયાભાઈ પટેલ)
૨૮માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

GJ 01082